જમીન અંગેની વિવિધ પરવાનગીઓ મેળવવા માટે i-ORA પરની ઓનલાઇન કાર્યપધ્ધતિમાં પ્રોવિઝનલ મંજુરી, ખેડૂત ખાતેદાર ખરાઇ તથા બોજા સાથે બિનખેતી પરવાનગી અંગે જરૂરી સુધારા કરવા બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૯/૧૮૯૮/ક
સચિવાલય, ગાંધીનગર
તા.૦૮/૧૧/૨૦૧૯

સંદર્ભ :

(૧) મહેસૂલ વિભાગનો તા.૦૧/૦૭/૦૮ નો ઠરાવ ક્રમાંક: બખપ/૧૦૦૬/૪૨૫/ક
(૨) મહેસૂલ વિભાગનો તા.૨૬/૧૨/૦૮નો ઠરાવ ક્રમાંક:ગણત/૨૬૯૯-૪૩૪૩/ઝ
(૩) મહેસૂલ વિભાગનો તા.૦૮/૦૪/૧૧ નો ઠરાવ ક્રમાંક: બખપ/૧૦૦૬/૪૨૫/ક
(૪) મહેસૂલ વિભાગનો તા.૦૮/૦૫/૧૮ નો પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક
(૫) મહેસૂલ વિભાગનો તા.૧૬/૦૮/૧૮ નો પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક
(૬) મહેસૂલ વિભાગનો તા.૦૬/૧૨/૧૮ નો પરિપત્ર ક્રમાંક: નશજ/૧૦૨૦૦૬/૫૭૧/જ(પાર્ટ-૨)
(૭) મહેસૂલ વિભાગનો તા.૧૨/૧૨/૧૮ નો પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક
(૮) મહેસૂલ વિભાગનો તા.૧૨/૦૨/૧૯ નો પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક
(૯) મહેસૂલ વિભાગનો તા.૦૭/૦૩/૧૯ નો પરિપત્ર ક્રમાંક: નશજ/૧૦૨૦૦૬/૫૭૧/જ (પાર્ટ-૨)
(૧૦) મહેસૂલ વિભાગનો તા.૦૮/૦૩/૧૯ નો પરિપત્ર ક્રમાંક: બખપ/૧૦૨૦૧૮/૪૨૫/ક
(૧૧) મહેસૂલ વિભાગનો તા.૦૮/૦૩/૧૯ નો પરિપત્ર ક્રમાંક: ગણત/૧૦૨૦૧૯/૬૩૧/ઝ

// પરિપત્ર //

ઉકત સંદર્ભદર્શીત ક્રમાંક (૧), (૩) થી (૫) પર દર્શાવેલ ઠરાવ / પરિપત્રથી રાજયમાં જમીન મહેસૂલ સંહિતાની કલમ-૬૫ અંતર્ગત બિનખેતી પરવાનગી મેળવવાની કાર્યપધ્ધતિમાં સુધારા કરવામાં આવેલ છે. તદઉપરાંત આ ઠરાવથી બિનખેતી પરવાનગી માટેની અરજીઓ અને સોગંધનામાના નમુના નકકી કરવામાં આવેલ છે તથા ઓનલાઇન પ્રોસેસની કાર્યપધ્ધતિ નક્કી કરવામાં આવેલ છે.

સંદર્ભદર્શીત ક્રમાંક (૯) માં દર્શાવેલ પરિપત્રથી નવી અને અવિભાજય શરતની તથા ગણોતધારાની પ્રતિબંધિત સત્તા પ્રકાર હેઠળની નવી શરતની જમીનને ખેતી અથવા બિનખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવા માટે પ્રિમિયમ વસુલવાની પરવાનગી મેળવવા વખતોવખત સરળીકરણ કરી જરૂરી સુધારાકરી ચેકલિસ્ટમાં સરળીકરણ લાવી વિલંબ ન થાય તે માટે જે તે સમયની પરિસ્થિતિની અનુરૂપ ચેકલિસ્ટમાં સુધારા કરવામાં આવેલ. ઉપરાંત ખેતી / બિનખેતીની પરવાનગી મેળવવામાં સરળતા રહે તેમજ આ સમગ્ર કાર્યપધ્ધતિ ઝડપી, સરળ અને પારદર્શક બને તેવા શુભ આશયથી આ અંગે પુરાવા માગવાના કારણે કામગીરી બેવડાય નહીં અને બિનજરૂરી અરજદારોને મુશ્કેલીઓ ઉપસ્થિત ન થાય તે માટે જમીનને લગતી વિવિધ પરવાનગી મેળવવાની પ્રક્રિયા iORA.gujarat.gov.in પર અમલમાં મુકવામાં આવેલ છે.

હાલ સમગ્ર રાજયમા જમીનને લગતી વિવિધ પરવાનગીની કાર્યપધ્ધતિ સંદર્ભે વધુ ઝડપ અને પારદર્શિતા લાવવા સારૂ નીચે પ્રમાણે પ્રોવિઝનલ મંજુરી, ખેડૂત ખાતેદાર ખરાઇ અને બોજા સાથે બિનખેતી પરવાનગી એમ ત્રણ બાબતો પરત્વે કાર્યપધ્ધતિ અમલમાં મુકવાનું નકકી કરવામાં આવેલ છે. તે સિવાય અન્ય બાબતોની પ્રક્રિયા ઉકત સંદર્ભમાં દર્શાવેલ પરિપત્રોની સૂચનાઓ અનુસાર હાથ ધરવાની રહેશે.

(૧) પ્રોવિઝનલ મંજૂરી :-

1. બિનખેતી પરવાનગીની અરજીની પ્રાથમિક મંજૂરી મળ્યેથી હાલ ઇન્ટિમેશન લેટર (નાણાં ભરવાની જાણ કરતો પત્ર) જનરેટ થાય છે. તેની સાથે **પરિશિષ્ટ-૧** મુજબના નમુનામાં "પ્રોવિઝનલ મંજૂરી" જનરેટ થશે અને તે બંને (ઇન્ટીમેશન લેટર અને પ્રોવિઝનલ મંજૂરી) અરજદારના ઇ-મેઇલ એડ્રેસ પર મોકલવામાં આવશે.
2. અરજદારને મોકલવામાં આવેલ ઇ-મેઇલમાંની લિન્ક પરથી ઓનલાઇન પેમેન્ટ થાય અને ટ્રેઝરી દ્વારા નાણાં ભરપાઇ થયા અંગે " SUCCESS " નો મેસેજ આવ્યેથી કલેક્ટરશ્રીના લોગ- ઇનમાંથી મંજુરીનો વિધીવત હુકમની સહી વિનાની નકલ અરજદારના ઇ-મેઇલ ઉપર જશે.

3. ટ્રેઝરી દ્વારા " SUCCESS " નો મેસેજ આવ્યાના ૭૨ કલાક સુધીમાં આવા હુકમની જરૂરી પ્રિન્ટ મેળવી લેવાની રહેશે તથા સહી સિક્કા વાળો હુકમ ઇસ્યુ કરવાનો રહેશે.
4. ૭૨ કલાક બાદ "પ્રિન્ટ" નો ઓપ્શન "DISABLE" થઇ જશે અને પ્રિન્ટ મેળવી શકાશે નહિ.
5. આવા સંજોગોમાં પ્રિન્ટનો ઓપ્શન "ENABLE" કરવા માટે કલેક્ટરશ્રીએ તેઓની સહીથી તથા લેખિત કારણો દર્શાવીને મહેસૂલ વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

(૨) ખેડુત ખાતેદાર ખરાઇ:-

1. જમીન અંગેની વિવિધ પરવાનગી મેળવવાની અરજી કરતી વખતે iORA પર ઓનલાઇન અરજી તથા સોગંધનામામાં, અરજદારની, ખેડુત ખાતેદાર હોવા અંગેની ઓનલાઇન ખરાઇ કરવા માટે, અરજદારે જુદા-જુદા સમયે ધારણ કરેલ જમીનની વિગતો દાખલ કરવાની રહેશે.
2. અરજી હેઠળની જમીન અરજદાર મૂળથી કેવી રીતે ધારણ કરે છે? આ જમીનમાં તેઓનો હક દાખલ થયો ત્યારે કઇ જમીન ધારણ કરતા હતા? અરજદાર જો વારસાઇથી/ સહભાગીદારી હકે કે અન્ય રીતે જમીન ધારણ કરે છે તો તેઓ જેમની જમીનમાં દાખલ થયા તે વ્યક્તિ કેવી રીતે જમીન ધારણ કરતા હતા? તેની વિગતો હાલના અરજદારે જણાવવાની રહેશે.

iORA પર અમલમા રહેલ જમીન મહેસૂલ અધિનિયમ / ગણોતધારા અન્વયેની નીચે મુજબની વિવિધ મહેસૂલી બાબતોની અરજીઓમાં ખેડુત ખાતેદારની ખરાઇની પ્રાથમિક ચકાસણી પૂર્વ ચકાસણી અધિકારીએ કરવાની રહેશે.

(૧) જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૫ અન્વયે બિનખેતી પરવાનગી મેળવવાની અરજી.

(૨) જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૫(બ) મુજબ ખરેખર ઔદ્યોગીક હેતુ માટે પરવાનગી માટેની અરજી.

(૩) જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૬ હેઠળ પરવાનગી અંગેની અરજી.

(૪) જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૭ હેઠળ પરવાનગી અંગેની અરજી.

(૫) ગણોતધારાની કલમ-૪૩ મુજબ ખેતી તથા બિનખેતી હેતુ માટે પ્રિમિયમ ભરવાની મંજૂરી મેળવવાની અરજી.

(૬) નવી અને અવિભાજય શરતની જમીન માટે ખેતીના હેતુ માટે પ્રિમિયમ ભરવાની મંજૂરી મેળવવાની અરજી.

(૭) નવી અને અવિભાજય શરતની જમીન માટે બિન-ખેતીના હેતુ માટે પ્રિમિયમ ભરવાની મંજૂરી મેળવવાની અરજી.